RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 184, Dt.18-10-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સોનુ ઓલ ટાઈમ હાઈ : ૮0000 નજીક પહોંચ્યું

## ચાંદી ૯૫000ને આંબી: ધનતેરસ – દિવાળી પૂર્વે જ સોના – ચાંદીમાં ઐતિહાસીક તેજીથી ઝવેરીઓ – ગ્રાહકો સ્તબ્ધ: ૨૦૨૬ માં વિશ્વ સ્તરે સોનુ ૩૨૫૦ ડોલર તથા ભારતમાં ૯૩000 થવાની નિષ્ણાંતોની આગાહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ધનતેરસ-દિવાળીના તહેવારો પૂર્વે જ સોના-ચાંદીમાં ભાવો ઐતિહાસીક રેકોર્ડબ્રેક સ્તરે પહોંચી ગયા છે.હાજર બજારમાં સોનુ ૮૦,૦૦૦ ની નજીક પહોંચ્યુ છે તેવી જ રીતે ચાંદીનો ભાવ પણ ૯૫૦૦૦ ને આરે આવી ગયો હતો.

વિશ્વ સ્તરે સોના-ચાંદીમાં બે દિવસથી સતત ધરખમ ભાવ વધારો થઈ રહ્યો છે.ઈઝરાયેલ યુદ્ધ વધુ ભીષણ બનવાનાં ભણકારા, અમેરીકામાં ચૂંટણી, ભારત-કેનેડા વચ્ચે તંગ બનતા સંબંધો, દુનિયાની સેન્ટ્રલ બેંકોની ખરીદી સહીતના કારણોનો પ્રત્યાઘાત છે.

આ સિવાય આવનારા દિવાળી-નાતાલનાં તહેવારોમાં ડીમાંડ વધવાની ગણતરીએ પણ તેજીને ટેકો મળી ગયો છે. આંતર રાષ્ટ્રીય સ્તરે બન્ને કિંમતી ધાતુના ભાવ ઓલ-ટાઈમ હાઈ થઈ ગયા છે. આજે સોનુ ૨૭૦૦ ડોલરની સપાટી કુદાવી ગયુ હતું અને ૨૭૧૦ ડોલર સાંપડયુ હતું. આજ રીતે ચાંદીનો ભાવ ૩૨ ડોલરની સપાટી કુદાવીને ૩૨.૦૧ ડોલરનો ભાવ થયો હતો. રાજકોટની માર્કેટમાં સોનાનો ભાવ ૭૯૯૦૦ સાંપડયો હતો જે ૮૦,૦૦૦ ની એકદમ નજીક પહોંચ્યો હતો. કોમોડીટી વાયદામાં તે ૭૭૬૦૦ ની સપાટી વટાવી ગયો હતો. હાજર ચાંદી ૯૪૮૦૦ થઈ હતી.કોમોડીટી



વાયદામાં ભાવ ૯૨૭૦૦ હતો.સોનીબજારનાં વેપારીઓના કહેવા પ્રમાણે ધનતેરસ-દિવાળીના તહેવારો ટાણે જ ભાવો ભડકતા વેપારને વ્યાપક અસર થવાની આશંકા છે. હજુ ભાવ કયાં પહોંચશે તે સવાલ છે કારણ કે ચાર્ટ મુજબ ભાવ નવા ઝોનમાં આવી ગયુ છે. જાણકારો કેટલાંક વખતથી સોનાનો ભાવ ૮૦,૦૦૦ ને આંબી જવાની ભવિષ્યવાણી કરતા જ હતા. તેઓની ધારણા કરતા પણ ભાવ આ સપાટીને વહેલો આંબી ગયો હતો કરન્સી માર્કેટમાં ડોલર સામે ભારતીય રૂપિયો નબળો પડી રહ્યો હોવાની પણ અસર છે. કોમોડીટી નિષ્ણાંતોનો અલગઅલગ અભિપ્રાય રહ્યા છે. એક વર્ગ એવુ માને છે કે સોનામાં ઓવરબોટની હાલત છે અને ગમે ત્યારે કરેકશન વચ્ચે ભાવ ૭૫૯૦૦ થી ૭૫૦૦૦ સુધી આવી શકે છે.

ઈન્ડીયન બુલીયન જવેલર્સ એસોસીએશનનાં સુરેન્દ્ર મહેતાના કહેવા પ્રમાણે છેલ્લા પાંચ મહીનાથી ચીને સોનાની ખરીદી બંધ કરી દીધી હોવા છતાં ભાવ તેજીના માર્ગે છે. ૨૩૨૬ સુધીમાં સોનાનો વૈશ્વિક ભાવ ૩૨૫૦ ડોલર થઈ શકે છે. ભારતમાં ૯૩૦૦૦ પહોંચી શકે.

## સુરતમાં લકઝરી બસે હડફેટે લેતા એકનું મોત : ચાર ઘાયલ

**મુખ્ય સમાચાર, સુરત**

સુરતમાં વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો છે. કામરેજ ટોલ પ્લાઝા નજીક લક્ઝરી બસના ચાલકે ૮ જેટલા વાહનોને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં બે લોકોના મૃત્યુ થયાની આશંકા છે. જ્યારે વાહનમાં બેઠેલ લોકોને ગંભર ઈજાઓ પહોંચતા તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ અંગે પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. જોકે, લોકોએ બસના ચાલકને ઝડપી પોલીસને સોંપ્યો હતો.



મળતી માહિતી અનુસાર, કનૈયા ટ્રાવેલ્સની બસ ગુંદા, જામનગર થઈ સુરત જઈ રહી હતી. આ દરમિયાન કામરેજ ટોલ પ્લાઝા નજીક બસ ચાલકે ફુલઝડપે બ્રેક માર્યા વિના કાર, બાઈક, રિક્ષા સહિત આઠ જેટલા વાહનોને અડફેટે લીધાં હતાં. આ અકસ્માતમાં બે લોકોના મૃત્યુ થયાની આશંકા છે. સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો છે કે, લક્ઝરી બસ ચાલક નશાની હાલતમાં હતો. ઘટના સ્થળે હાજર લોકોએ બસ ચાલકનેને પોલીસને સોંપ્યો હતો. આ મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદમાં ઈલેક્ટ્રિક બસ સળગી, કાલુપુરના ભરબજારમાં ઘટના બનતાં અફરાતફરી મચી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદના કાલુપુર વિસ્તારમાં ચોખાબજાર પાસે આજે સવારે ઇછ્ઝજ બસમાં આગ લાગવાની ઘટના બની હતી. ચાલુ બસે આગ લાગતા તાત્કાલિક ડ્રાઈવરે બસ ઊભી રાખી તમામ પેસેન્જરને નીચે ઉતારી દીધા હતા. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા ત્રણ ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. આગ લાગવાનું કારણ અને ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોય તેવું જાણવા મળ્યું નથી. આગ લાગવાના કારણે પ્રેમ દરવાજા અને દરિયાપુર તરફથી કાલુપુર તરફ જવાનો રોડ 30 મિનિટ માટે બંધ કરવો પડ્યો હતો. ટ્રાફિકના કારણે ફાયર બ્રિગેડની ટીમને પણ પહોંચતા ૧૦ મિનિટ મોડું થયું હોવાનું સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. ઈછ્ઝજબસ નં. ઉપપ અને ભાડજથી નરોડા રૂટની હતી. બસમાં ૧૦ પેસેન્જર મુસાફરી કરી રહ્યા હતા. બસ ચાલુ હતી ત્યારે પાછળના ભાગે સ્પાર્ક થયાનું જણાતા ધુમાડો નીકળવા લાગ્યો હતો. આથી ડ્રાઈવરે સમય સૂચકતાથી મુસાફરોને બહાર કાઢી ફાયર એકસ્ટિંગવીશરથી આગ બુઝાવવાનો પ્રયત્ન કર્યો હતો. બાદમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ફાયરને જાણ કરી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. બનાવની વધુ તપાસ ચાલુ છે.



મળતી માહિતી પ્રમાણે આજે સવારે ફાયર બ્રિગેડની ટીમને કોલ મળ્યો હતો કે, પ્રેમ દરવાજાથી કાલુપુર તરફ જવાના રોડ પર ચોખાબજાર પાસે એક ઈછ્ઝજ બસમાં આગ લાગી છે. જેથી ફાયર સ્ટેશનમાંથી ત્રણ જેટલી ગાડીઓ રવાના કરવામાં આવી હતી. ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી. ઈછ્ઝજબસ જ્યારે ચોખાબજાર પાસે પહોંચી ત્યારે બસમાંથી ધુમાડા નીકળવા લાગ્યા હતા.

## લોરેન્સ બિશ્નોઈ ગેંગના નામે સુપરસ્ટારને ફરી મળી ધમકી: પાંચ કરોડની ખંડણી માગી

**મુખ્ય સમાચાર,મુંબઈ**

મહારાષ્ટ્ર સરકારના પૂર્વ મંત્રી અને નેશનલ કોંગ્રેસ પાર્ટીના નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ દેશભરમાં સનસનાટી મચી ગઈ હતી. શુક્રવારે બાબા સિદ્દીકીના નજીકના ફિલ્મ અભિનેતા સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. તેને ધમકી આપનાર વ્યક્તિએ વોટ્સએપ મેસેજ પર ૫ કરોડ રૂપિયાની માંગણી કરી છે.

જો કે પોલીસે આ ધમકી અંગે ખુલાસો કર્યો છે. આ ધમકીમાં કહેવામાં આવ્યું છે કે, આને હળવાશથી ન લો, જો સલમાન ખાન જીવતો રહેવા માંગે છે અને લોરેન્સ બિશ્નોઈ સાથેની દુશ્મની ખતમ કરવા માંગે છે તો તેણે ૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. જો પૈસા નહીં આપવામાં આવે તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દીકી કરતા પણ ખરાબ થઈ જશે.

બાબા સિદ્દીકીની હત્યા બાદ મુંબઈ પોલીસ ઘણી સતર્ક છે. ખાસ કરીને અભિનેતા સલમાન ખાનને લઈને. તેને બાબા સિદ્દીકીના પરિવારની ખૂબ નજીક માનવામાં આવે છે અને ઘણીવાર તેને જાનથી મારી નાખવાની ધમકીઓ મળે છે.



શુક્રવારે સવારે જ્યારે તેને વોટ્સએપ મેસેજ પર ધમકી મળી ત્યારે પોલીસે તરત જ કોલ ઈન્ટરસેપ્ટ કર્યો હતો. તેણે કહ્યું કે આ વોટ્સએપ મેસેજ ન તો લોરેન્સ બિશ્નોઈ દ્વારા મોકલવામાં આવ્યો હતો કે ન તો કોઈ ગેંગસ્ટર દ્વારા. તે એક ટીખળ વોટ્સએપ મેસેજ હતો. પોલીસે કહ્યું કે આ કોઈની ટીખળ હતી.

મુંબઈ પોલીસે ધમકીભર્યો વોટ્સએપ મેસેજ મોકલનાર વ્યક્તિની શોધ શરૂ કરી છે. બોલિવૂડ સ્ટારને છેલ્લા કેટલાક મહિનાઓથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. વાસ્તવમાં મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને ગઈડ નેતા બાબા સિદ્દીકીની હત્યા બાદ તેમની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે ત્રણ લોકોએ ગોળી મારીને હત્યા કરી હતી. સિદ્દીકીની હત્યાના સંબંધમાં અત્યાર સુધીમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે,

## પન્નુની હત્યાના ષડયંત્રમાં 'રો'ના અધિકારી પર અમેરિકાનો આરોપ

### અમેરિકી અદાલતમાં ૧૮ પાનાનો રિપોર્ટ : વિકાસ યાદવે પન્નુની હત્યા માટે હાલ અમેરિકી જેલમાં રહેલા એજન્ટ નિખીલ ગુપ્તા મારફત શુટર – નાણાની વ્યવસ્થા કરી હતી: ભારત સામે ખાલીસ્તાની ત્રાસવાદી મુદે બીજો મોરચો ખુલ્યો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હજુ એક દિવસ પુર્વે જ ખાલીસ્તાની નેતા અને ભારત માટે વોન્ટેડ ગુરૂપતસિંહ પન્નુની હત્યા માટેના કહેવાતા ષડયંત્ર સંબંધમાં ભારતીય અધિકારીઓની સંડોવણી અંગે અપાયેલા જવાબથી સંતોષ વ્યક્ત કર્યાના ૨૪ કલાકમાંજ અમેરિકી અદાલત સમક્ષ દાખલ કરાયેલા દસ્તાવેજોમાં અગાઉ ન્યુયોર્ક દૂતાવાસમાં ફરજ બજાવી ગયેલા ભારતની વિદેશી બાબતોની જાસૂસી એજન્સી 'રો' ના અધિકારી વિકાસ યાદવની સંડોવણી દર્શાવીને તેને 'ભાગેડુ' જાહેર કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. પન્નુ જે અમેરિકા અને કેનેડા બન્નેનું નાગરીકત્વ ધરાવે છે તેથી હત્યાના એક કહેવાતા ષડયંત્ર જે અમલમાં આવ્યુ જ ન હતું તે બદલ અમેરિકી એજન્સીએ ચેકોસ્લોવાકીયાથી પ્રત્યાર્પણ કરીને ધરપકડ કરાયેલા નિખિલ ગુપ્તાને ષડયંત્રમાં સહ આરોપી બનાવ્યો છે અને તે હાલ અમેરિકી જેલમાં છે.

બીજી તરફ આ તપાસમાં સહકાર આપવા ભારતીય સુરક્ષા એજન્સીની એક ટીમ ન્યુયોર્ક પહોંચી હતી અને ગઈકાલે જ અમેરિકી વિદેશ વિભાગના પ્રવકતાએ ભારતે રજુ કરેલા જવાબથી સંતોષ વ્યક્ત કર્યો હતો તેના ગણતરીના કલાકોમાં જ અમેરિકાની ફેડરલ કોર્ટમાં વિકાસ યાદવ જેને ભારત સરકારના કર્મચારી વિકાસ યાદવને મુખ્ય ષડયંત્રકાર ગણાવ્યા છે.

તેણે પન્નુની હત્યા માટે શુટરને રોકવા અને નાણા આપવા સહિતની વ્યવસ્થા કરી હોવાનું જણાવ્યુ છે. એક તરફ કેનેડાએ શિખ ખાલીસ્તાની નેતા નિજજરની હત્યા બદલ ભારત સામે રાજદ્વારી મોરચો માંડયો છે અને બન્ને દેશોના સંબંધોમાં ભારે કડવાશ આવી છે તે સમયે હવે એક પુર્વ સરકારી અધિકારીની સંડોવણી બાદ અમેરિકા સાથે પણ આ મુદે ટકકર થઈ શકે છે.

નિખિલ ગુપ્તા જેને આ ષડયંત્રમાં વચેટીયો કે એજન્ટ ગણાવાયો છે તેને જુબાની આપવા મજબૂર કરી અમેરિકા હવે ભારત પર ભીસ વધારે અને વિકાસ યાદવના પ્રત્યાર્પણની માંગ કરી શકે. જો કે ભારત સરકારે



અગાઉ જ તે આ પ્રકારના ષડયંત્રમાં સંકળાયેલું હોય તો ઈન્કાર કર્યો હતો. 'રો' એજન્સીએ કેન્દ્રીય કેબીનેટ સેકેટરી હેઠળ કામ કરે છે. અમેરિકી અદાલત સમક્ષ ૧૮ પાનાના દસ્તાવેજી મનાતા પુરાવા રજુ થયા છે જેમાં 'રો' એજન્ટ વિકાસ યાદવ પર હત્યા માટે ષડયંત્ર રચવા સહિતના આરોપો મુકયા છે અને આગામી દિવસમાં જો તે પ્રત્યાર્પણની માંગણી કરશે તો બન્ને દેશોના સંબંધોમાં નવો તનાવ આવી શકે છે.

## શેરબજારમાં સતત પાંચમા દિવસે પણ કડાકો, રોકાણકારોની ૭ લાખ કરોડ મૂડી ધોવાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

શેરબજારમાં આ સપ્તાહે વેચવાલીનું પ્રેશર વધુ જોવા મળતાં સળંગ પાંચમા દિવસે કડાકો નોંધાયો છે. સેન્સેકસે આજે વધુ ૬૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ૮૧૦૦૦નું લેવલ પણ ગુમાવ્યું છે. રોકાણકારોએ સળંગ પાંચ દિવસના કરેકશનમાં રૂ. ૬.૯૯ લાખ કરોડની મૂડી ગુમાવી છે.

સેન્સેક્સ આજે ઘટાડે ખૂલ્યા બાદ ૧૦.૦૦ વાગ્યા સુધીમાં ૫૯૭.૩૬ પોઈન્ટ તૂટ્યો હતો. જે ૧૦.૩૪ વાગ્યે ૧૦૧.૬૧ પોઈન્ટના ઘટાડે ૮૦૯૦૪.૯૯ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી પણ ૨૪૫૬૭.૬૫ના લેવલે પહોંચ્યો હતો. જે ૧૦.૩૫ વાગ્યે ફ્લેટ ૮.૧૦ પોઈન્ટના ઘટાડે ૨૪૭૪૧.૭૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી૫૦ ખાતે ૨૯ શેર્સ સુધારા તરફી અને ૨૧ શેર્સ ઘટાડા તરફી ટ્રેડ થઈ



રહ્યા હતા.સેન્સેક્સ પેક ખાતે ૧૬ શેર્સ સુધારા તરફી અને ૧૪ શેર્સ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા હતા. એક્સિસ બેન્ક ૪.૭૭ ટકા ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યો હતો. જ્યારે ટાટા મોટર્સ, આઈસીઆઈસીઆઈ બેન્ક, ટાટા સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૮૬ ટકાથી ૧.૬૫ ટકા ઉછાળે ટ્રેડેડ હતા. ઈન્ફોસિસનો શેર ૩.૭૨ ટકા ઘટાડે, આઈટીસી ૧.૭૯ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો.

આઈટી અને ટેક્નોલોજી શેર્સમાં પ્રોફિટ બુકિંગનું પ્રમાણ વધ્યું છે. ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાતા આઈટી કંપનીઓની આવક પર અસર થવાની ભીતિ વચ્ચે આજે આઈટી ઈન્ડેક્સ ૧.૮૬ ટકા અને ટેક્નોલોજી ઈન્ડેક્સ ૧.૫૭ ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો.

## યાહ્યા સિનવારે ઈઝરાયેલી કમાન્ડો ભણી બે ગ્રેનેડ ફેંકી બચવાનો પ્રયાસ કર્યો હતો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હમાઝથી હિઝબુલ્લાહ સામે આક્રમક જંગ લડી રહેલા ઈઝરાયેલા સૈન્યએ હવે હમાસનાં નવા નેતા અને ગત વર્ષે ૭ ઓકટોબરે ગાઝામાંથી ઈઝરાયેલ પર જે હુમલો થયો હતો અને ૧૨૦૦ થી વધુ ઈઝરાયેલી નાગરીકોની હત્યા કરવામાં આવી હતી તે યાહ્યા ચિનવાદને ખાસ કરીને હિઝબુલ્લા બાદ હમાસનાં પણ વધુ એક ટોચના કમાન્ડરને ખત્મ કર્યા છે.

ઈઝરાયેલ સેનાના કમાન્ડો અને શિનબેટ સિકયોરીટી તરીકે ઓળખાતા ઈઝરાયેલનાં એક અત્યંત ઘાતક દળે બુધવારે રાત્રીનાં દક્ષિણ ગાઝામાં સંયુકત ઓપરેશનમાં આ ઓપરેશન પાર પાડયુ હતું. અને છેલ્લા એક સપ્તાહથી યાહ્યાનું લોકેશન મેળવીને ઈઝરાયેલ સૈન્યની ૧૬૨ મી ડીવીઝન તથા ગાઝા ડીવીઝનએ ઈન્ટેલીજન્સનાં આધારે આ ઓપરેશનને અંજામ આપવાની જવાબદારી ૮૨૮ મી બ્રિગેડને ચુંટી કાઢવામાં આવી હતી.

ટાઈમ્સ ઓફ ઈઝરાયેલ દ્વારા આ અંગે વિસ્તૃત રીપોર્ટ આપવામા આવ્યો છે અને ઈઝરાયેલની સેનાએ આ હુમલામાં યાહ્યાની અંતિમ સમયની ડ્રોન વિડીયો અને ફોટો ઈમેજ પણ જાહેર કરી છે. દક્ષિણ ગાઝામાં બાતમી વચ્ચે પરથી અનેક ઈમારતોને ટેન્ક અને અન્ય લશ્કરી વાહનોથી ઘેરી લેવામાં આવી હતી અને બે ઈમારતોને ખાસ નિશાન બનાવાઈ હતી.

આ સમયે ત્રણ ત્રાસવાદી નજરે ચડયા હતા જેમાં બે એક અન્ય ઈમારત ભણી જવા પ્રયાસ કરતા તેઓને ઠાર મારવામાં આવ્યા હતા અને ત્રિજો



વ્યકિત યાહ્યાહતા તેણે આ અન્ય ઈમારતમાં ઘુસવાની તૈયારી કરી હતી.

માર્યા ગયેલા બન્ને ત્રાસવાદીઓ યાહ્યાનાં બોડીગાર્ડ હોવાનું માનવામાં આવે છે.તેઓ યાહ્યાને સલામત કરવા આગળ હતા.યાહ્યા એ બીજા માળ પર જવાની કોશીશ કરી હતી તો ટેન્કથી તે ઈમારતને નિશાન બનાવાઈ હતી અને ઓફ ઈન્ફન્ટી પ્લાટુન જો અંદર જવાની કોશીશ કરી ચો યાહ્યામાં બે ગ્રેનેડ ફેંકયા હતા.

જેમાં એક તો વિસ્ફોટ થયો જયારે બીજો ફાટે તે પૂર્વે સૈનિકો પરત સલામત આવી ગયા હતા. અને તુર્તજ ડ્રોનને ઈમારતમાં દાખલ કરાયું જેની ઈમેજમાં યાહ્યા એક ખુરશીમાં અત્યંત ઈજાગ્રસ્ત હાલતમાં બેઠો હતો તેનો ચહેરો છૂપાવવા કપડા બાંધ્યા હતા.

## જયપુરમાં RSS ના કાર્યક્રમમાં અજાણ્યા શખ્સોનો છરીથી હુમલો

### હુમલાને પગલે અફડાતફડી : ૮ સ્વયંસેવકો ઘાયલ: હુમલાખોર બે શખ્સોની ધરપકડ: અન્યની શોધખોળ

**મુખ્ય સમાચાર,જયપુર**

જયપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજીજી)ના એક કાર્યક્રમ દરમિયાન ચાકુ અને લાકડીઓથી થયેલા હુમલામાં ઘણા લોકો ઘાયલ થયા છે. આ ઘટના ગુરુવારે મોડી રાત્રે બની હતી જ્યારે શરદ પૂર્ણિમાના અવસરે જયપુરના કરણી વિહારમાં ખીર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન છરી અને લાકડીઓ લઈને આવેલા કેટલાક અજાણ્યા લોકોએ સંઘના કાર્યકરો પર હુમલો કર્યો હતો. હુમલામાં ૭ થી ૮ સ્વયંસેવક ઘાયલ થયા હોવાનું કહેવાય છે.

ઘાયલોની જયપુરની સવાઈ માન સિંહ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. રાજસ્થાન સરકારના કેબિનેટ મંત્રી રાજ્યવર્ધન સિંહ રાઠોડ, ધારાસભ્ય ગોપાલ શર્મા અને અન્ય લોકો ઘાયલોની ખબર પૂછવા હોસ્પિટલ પહોંચ્યા હતા.

ડીસીપી (પશ્ચિમ) અમિત કુમારે જણાવ્યું હતું કે, આ ઘટનામાં સાતથી આઠ લોકો ઘાયલ થયા છે અને તેમને સારવાર માટે એસએમએસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

કુમારે કહ્યું કે, આ હુમલો અચાનક થયો હતો.રાજસ્થાન ભાજપના ભૂતપૂર્વ વડા અરુણ ચતુર્વેદીએ જણાવ્યું કે આરએસએસ શરદ પૂર્ણિમાના અવસર પર ખીર વિતરણનો કાર્યક્રમ આયોજિત કરી રહી હતી, જ્યાં અચાનક ચાકુ અને અન્ય હથિયારોથી સજ્જ હુમલાખોરોએ સભા દરમિયાન લોકો પર હુમલો કરવાનું શરૂ કર્યું હતું.





ઘાયલોની સારવાર ચાલી રહી છે અને તેમની ઈજાઓની ગંભીરતા જાણવા માટે તબીબી તપાસ કરવામાં આવી રહી છે. કરણી વિહાર વિસ્તારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. પોલીસ હુમલા પાછળનું કારણ જાણવાનો પ્રયાસ કરી રહી છે. જયપુરના એક મંદિરમાં જાગરણ દરમિયાન ગુરુવારે રાત્રે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજીજી) સાથે જોડાયેલા આઠ લોકો પર છરી વડે હુમલો થયો હતો. ઘાયલોને એસએમએસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હુમલાથી ગુસ્સે ભરાયેલા ટોળાએ દિલ્હી-અજમેર હાઈવે બ્લોક કરી દીધો હતો. પોલીસે વાતચીત કરીને રાત્રે લગભગ ૧.૩૦ વાગે જામ હટાવ્યો હતો.

